# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 18-07-2025 Day: Friday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## કચ્છમાં ખરીફ પાકનું વાવેતર

જિલ્લામાં અત્યાર સુધી ૩,૪૪,૭૧૯ હેકટરમાં ખરીફ પાકનું વાવેતર થયું છે.

ચાલુ ચોમાસામાં જૂનના આરંભે જ વરસાદે કચ્છમાં એન્ટ્રી કર્યા બાદ વાવણીલાયક વરસાદથી અષાઢી બીજ પૂર્વે જ ખરીફ પાકની વાવણીની શરૂઆત થઇ ગઈ હતી. કચ્છી નવા વર્ષ અષાઢી બીજે કચ્છમાં મેઘરાજાએ શુકન સાચવ્યા બાદ અવિરત વરસાદ વરસતા જિલ્લાના મોટા ભાગના વિસ્તારોમાં ખરીફ પાકના વાવેતરમાં ગતિ આવી હતી.

વાવેતર અંગે અમને મળેલી વિગતો મુજબ, રાપર તાલુકો ૧,૧૯,૫૦૦ હેકટર વાવેતર સાથે જિલ્લામાં મોખરે રહ્યો છે. જયારે પાકની વાત કરીએ તો મગફળી ૭૧,૭૫૩ હેકટર સાથે પ્રથમ અને કપાસ ૭૧,૨૫૦ હેકટર સાથે જિલ્લામાં બીજા સ્થાને ખેડૂતોની પસંદગી રહ્યા છે. કચ્છમાં દર વર્ષે ૬ લાખ ૨૭ હજાર હેકટર કરતા વધુ વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર થતું હોય છે. હજુ પણ વાવેતર ચાલુ હોવાથી આગામી દિવસોમાં વાવેતર વિસ્તારમાં વધારો થશે.

ઉલ્લેખનીય છે કે, વિસ્તારની દ્રષ્ટિએ અતિ વિશાળ એવા કચ્છ જિલ્લામાં પરંપરાગત ખેતીનો વ્યાપ ફરી વધી રહ્યો છે. જિલ્લામાં બિન પિયત ખેતીનું પ્રમાણ ખુબ જ વધુ હોઇ ધરતીપુત્રો વરસાદ પર જ નિર્ભર રહેતા હોય છે.

-------------------------------------------------------------------------------------

## ધોરણ 10 ની પૂરક પરીક્ષાનું પરિણામ

રાજ્યમાં જૂન-જુલાઈ મહિનામાં લેવાયેલી ધોરણ 10ની પૂરક પરીક્ષાનું પરિણામ 27 પોઈન્ટ 61 ટકા રહ્યું છે. સત્તાવાર યાદી મુજબ, પરીક્ષા માટે નોંધાયેલા એક લાખ 24 હજાર 58 પરિક્ષાર્થીમાંથી 93 હજાર 904 ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. તે પૈકી 25 હજાર 929 પરિક્ષાર્થીઓ પ્રમાણપત્ર મેળવવાને પાત્ર થયા છે.

----------------------------------------------------------------------------------------

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર – ઝોનલ વર્કશોપ

કૃષિ ક્ષેત્રે નવીનતા અને ટેકનોલોજી ક્ષેત્રે કામ કરતા કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો ત્રિદિવસીય ઝોનલ વર્કશોપ ભુજમાં યોજાશે છે. આઇસીએઆર, પુણે દ્વારા, ગુજરાત-મહારાષ્ટ્ર અને ગોવાના કેન્દ્રો માટે આ આઠમા વાર્ષિક ઝોનલ વર્કશોપનું ૨૦થી ૨૨ જુલાઈ દરમિયાન આયોજન કરાયું છે.

આ કાર્યક્રમમાં વિવિધ કૃષિ યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સલરો સહિતના  કૃષિ ક્ષેત્રના મોટા ગજાના અનેક મહાનુભાવો હાજરી આપશે. આ ઉપરાંત, ૮૨ કૃષિ વિજ્ઞાન કેન્દ્રોના વડાઓ વર્ષ ૨૦૨૪ દરમિયાન કરેલી કામગીરી અને નવીન યોજનાઓ રજૂ કરશે. તેમજ કૃષિ સંબંધિત સમસ્યાઓ પર ચર્ચા યોજાશે અને ભવિષ્યના ખેડૂત ઉપયોગી પ્રયોગો તથા તાલીમ કાર્યક્રમો માટે દિશા નિર્ધારિત થશે.

----------------------------------------------------------------------------------------

## ચિત્તા સંવર્ધન કેન્દ્ર

દેશમાં ચિત્તા પુનર્વસન માટે પસંદ કરાયેલા ૧૦ સ્થળોમાંથી એક એવા કચ્છના બન્નીના ઘાસિયા મેદાન હવે ચિત્તાને આશ્રય આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે અને હવે ચિત્તાની રાહ જોવાઈ રહી છે.

વન વિભાગના સુત્રો પાસેથી મળેલી વિગતો મુજબ, ચિત્તા માટે સંવર્ધન કેન્દ્ર સ્થાપિત કરવામાં આવ્યું છે અને ચિતલ અને હરણની શિકાર વસ્તીને વધુ વધારવા માટે પ્રયાસો ચાલી રહ્યા છે. સંવર્ધન કેન્દ્ર માટે ૬00 હેક્ટરનો વિસ્તાર વિકસાવવામાં આવ્યો છે જેમાં સીસીટીવી

મોનટરિંગ અને સમર્પિત પશુચિકિત્સા કેન્દ્ર જેવી સુવિધાઓ સ્થાપિત કરવામાં આવી છે. ચિત્તાના વિસ્તારમાં અન્ય મોટા માંસાહારી પ્રાણીઓને આવતા રોકવા માટે ફેન્સીંગ કરવામાં આવી છે તેમજ ઘાસીયા મેદાનમાં ૧૦ ક્વોરેન્ટાઇન બોમા અને ૮ સોફ્ટ રિલીઝ બોમા તૈયાર કરાયા છે.

---------------------------------------------------------------------------------------

## ગાંધીધામ : સિંગલ યુઝ પ્લાસ્ટિક સામે ઝુંબેશ

ગાંધીધામ મહાનગરપાલિકા દ્વારા પ્રતિબંધિત સિંગલ યુઝ પ્લાસ્ટિક વેચાણ અને સંગ્રહ ન કરવા અંગે ઝુંબેશ શરુ કરવામાં આવી છે. મહાનગરપાલિકાના સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા પ્લાસ્ટિકનું વેચાણ કરતા વિવિધ દુકાનદારો પાસેથી સિંગલ યુઝ પ્લાસ્ટિકનો જથ્થો જપ્ત કરી દંડ વસૂલવાની કામગીરી હાથ ધરાઈ છે.

---------------------------------------------------------------------------------------

## માંડવી- જહાજ તૂટ્યું

ગત વર્ષે 29 ઓગસ્ટે માંડવી નજીક કાશી વિશ્વનાથ બીચ પર તણાઈ ગયેલું 'અલ નમરાહ' નામનું જહાજ હવે તૂટી પડ્યું છે. 11 મહિના સુધી દરિયાઈ મોજાની થપાટ સહન કર્યા બાદ આખરે જહાજના બે ટુકડા થતા તૂટી ગયું હતું.

2000 ટનની ક્ષમતા સાથેનું આ જહાજ 2023માં વેરાવળ ખાતે નવું બનાવાયું હતું. 29 ઓગસ્ટ 2024ના અતિ ભારે વરસાદ પડતાં રૂક્માવતી નદીમાં ઘોડાપુર આવ્યું હતું. એ સમયે મરીન પોલીસ સામે એન્કર પર મુકાયેલું જહાજ બે નોટિકલ માઈલ દૂર તણાઈ ગયું હતું અને ત્યારબાદ કાશી વિશ્વનાથ બીચ પર ગ્રાઉન્ડ થયું હતું. જહાજના માલિકે જહાજ બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ સફળતા મળી નહોતી. હાલ દરિયો ઉગ્ર બનતા ઉછળતા મોજાના ધક્કાથી જહાજ વચ્ચેથી તૂટી પડતાં તેના બે ટુકડા થઇ ગયા છે.

---------------------------------------------------------------------------------------

# નાણાંકીય સાક્ષરતા જનજાગૃતિ શિબિર

ભારતીય રિઝર્વ બેંક, નાબાર્ડ અને બેંક ઓફ બરોડાના સંયુક્ત ઉપક્રમે આરોહ ફાઉન્ડેશન દ્વારા નખત્રાણા તાલુકાના દેવપર ખાતે નાણાંકીય સાક્ષરતા જનજાગૃતિ શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં નાગરિકોને વિવિધ બેંકો દ્વારા નાણાંકીય આયોજન, બેંક ખાતાની કામગીરી તેમજ જીવન જ્યોતિ વીમા યોજના, આકસ્મિક સુરક્ષા વીમા યોજના, પેન્શન યોજના, બચત લોન વગેરે યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ ઉપરાંત, સાયબર ક્રાઈમ બાબતે સાવચેત રહેવા અંગે પણ કાર્યક્રમમાં ભાર મૂકવામાં આવ્યો હતો.

---------------------------------------------------------------------------------------

# ખારવા સમાજ દ્વારા નારોજની ઉજવણી

બંદરીય શહેર માંડવીમાં વસવાટ કરતા ખારવા સમાજે દરિયાઈ નવું વર્ષ ગણાતા નારોજની ઉજવણી કરી હતી. જે અંતગર્ત મહાઆરતી, શોભાયાત્રા, દાંડિયારાસ, સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે મૂળ દરિયાખેડુ તરીકેની ઓળખ ધરાવતા ખારવા સમાજના લોકો નવા નારોજની ઉજવણી કર્યા બાદ અગાઉથી નક્કી થયા મુજબની દિશામાં દરિયો ખેડવા નીકળી પડે છે.

---------------------------------------------------------------------------------------

# ગૃહ ઉદ્યોગ માટેનો સેમિનાર

શ્રદ્ધા મહિલા મંડળ, ભુજ નગરપાલિકા અને જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર  દ્વારા આગામી ૨૯મી જુલાઈએ ભુજમાં ટાઉનહોલ ખાતે મહિલાઓ માટે ગૃહ ઉદ્યોગ અંગેનો સેમીનાર યોજાશે. જેમાં ઘર બેઠા કામ કરી શકાય તે માટે વિવિધ ધંધાકીય  માર્ગદર્શન આપવામાં આવશે તેમજ બેંકલોન સહીઉતના વિવિધ ફોર્મ ભરવા વિશે સમજણ આપવામાં આવશે.

---------------------------------------------------------------------------------------

## અન્ડર 18 ઓપન કચ્છ ચેસ સ્પર્ધા

આગામી 20 મી જુલાઈએ આંતરરાષ્ટ્રીય ચેસ દિવસની ઉજવણીના ભાગ રૂપે પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ભુજ ખાતે અન્ડર ૧૮ ઓપન કચ્છ ચેસ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા સ્વિટ્ઝ પધ્ધતિથી રમાડવામાં આવશે. સ્પર્ધાના પ્રથમ પાંચ વિજેતા સ્પર્ધકને ટ્રોફી તેમજ સર્ટિફિકેટ આપવમાં આવશે.

---------------------------------------------------------------------------------------------

## લુડવા ખાતે મેગા મેડિકલ નિદાન કેમ્પ

માંડવી તાલુકાના લુડવા ખાતે જન કલ્યાણ સોસાયટી માંડવી દ્વારા લુડવા જીવ કલ્યાણ ટ્રસ્ટના સૌજન્યથી નિઃશુલ્ક મેગા મેડિકલ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો લુડવા તથા આજુબાજુના ગામોના 175થી વધારે દર્દીઓએ લાભ લીધો હતો.

---------------------------------------------------------------------------------------------